**સુરતના મહે.૮મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.સુરત**

**ક્રિમીનલ કેસ નં.૫૬૭૫૫/૨૦૨૨**

**આંક:–**

**–: ચુકાદો :–**

આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપીઓ ની જુગારધારા કલમ–૧૨ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી ઓનાઓએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપીઓએ રોકડ રકમ (દાવ પરની ) અંગે નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીઓ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓ નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીઓ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીઓ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**–: હુકમ :–**

આરોપી ૧) રામદાશ શિવપાલ પાલ, ૨) કમલેશ દશુ સાકેત , ૩) અરવિંદ કિશોરીલાલ સોની ,૪)પુરણ લક્ષ્મીપ્રસાદ,૫) રામકુમાર છન્નુલાલ પાલ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

મુદામાલ દાવની રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે જો મુદામાલ કોર્ટમા જમા ન હોય તો પો.સ્ટેમા સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે. બાકીનો બીનકીમતી મુદામાલ અપીલ સમય વીત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓએ કોઈ કીમતી મુદામાલ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામા આવે છે અને જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે પો.ટેના પી.આઈ શ્રી એ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમા જમા કરવી.

આજ તારીખ–૧૨ મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૨/૧૧/૨૦૨૨ (કુ.શ્રધ્ધા.એન ફાળકી)
સ્થળ : સુરત. આઠમા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત.

**CODE NO.001579**